## મોડાસાના રાણા સૈયદ ગામમાં સામાન્ય બાબતે ઝગડો થતાં

# ૧૦૦ વ્યક્તિઓની હિજરત : ૨૯ સામે રાયોટીંગનો ગુનો નોધાયો

## ૧૧ મકાનોમાં તોડફોડ કરી લૂંટ ચલાવાઈ

મોડાસા, તા ૨૮

અરવલ્લી જીલ્લા ના મોડાસા શહેર માં આવેલ રાણાસૈયદ વિસ્તાર માં લઘુમતી કોમના બે જુથ વચ્ચે ઢોર બાંધવા જેવી નજીવી બાબત ની સામન્ય તકરારે વરવુ સ્વરૂપ ધારણ કર્યા બાદ માંથી હીજરત કરવાની ફરજ પડી હતી.

મોડાસા શહેર ના પ્રવેશ ધ્વારે આવેલ રાણા સૈયદ વીસ્તાર માંવર્ષો થી લઘુમતી કોમના પરિવારો ના બે જુથો વચ્ચે નાન મોટી બાબતે તકરાર થતી રહેતી હોય છે. પરંતુ આ વખતે આ તકરારે મોટુ સ્વરૂપ ધારણ કરી લેતા માથાભારે લોકો એ બીજા જુથના ધરોમાં ઘુસી જઈ ને તોડફોડ કરી હતી ઘર ની તમામ વસ્તુ રફેદફે કરી નાખી ને લુંટ ચલાવી હતી

જયારે આ ઘટના માં ૩ મહિલાઓ અને એક યુવક ઘાયલ થતાં સાર્વજનીક હોસ્પીટલ માં સારવાર અર્થે દાખલ કરવામાં આવ્યા છે. જયારે આ પરીવારો પોતાનો જીવ જોખમ માં મુકાય તેવી પરીસ્થીતી વચ્ચે આવીજતાં દરદર ભટકી રહયા છે.જયારે આબનાવને લઈ ને મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવામાં આવી છે.

મોડાસા ના રાણા સૈયદ વિસ્તાર માં ૧૧ પરિવારો પર થયેલા હુમલા બાદ આ પરિવારો પોતાના ઘરના સભ્યો નુ જીવ જોખમ માં હોવાની ભીતી સાથે પહેરેલા કપડે જીવ બચાવવા રાણાસૈયદ વિસતાર માં થી આંખ મા ચોધાર આંસુએ સાથે ભાગી છુટયા છે. આ પરિવારો ના ૧૦૦ થી વધુ સભ્યો મહિલાઓ અને બાળકો સાથે હાલ માં મોડાસા પાસે આવેલા કુકરી ગામે હીજરત કરી જઈ ઉપર આભ અને નીચે ધરતી જેવી સ્થીતી માં ખુલ્લા માં દિવસો પસાર કરી રહયા છે. લઘુમતી કોમના આ પરીવારો દયનીય હાલત માં હીજરત કરી ગયા ત્યારે પોલીસતંત્ર ધ્વારા પુરતા રક્ષણ સાથે પુનઃ સ્થાપન કરાવવુ અનીવાર્ય છે.

જયારે રાણાસૈયદ વિસ્તાર માં થયેલા આ ઘટના સ્દર્ભે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે લુંટ ધાડ અને જીવલેણ હુમલા સંર્દભે ૨૦ વ્યકતીઓ સામે રાયોટીંગ સહીત ની કલમો સાથેગુનો નોધવામાં આવ્યો છે. ત્યારે આ મામલે હિજરત કરી ગયેલા પરીવારો ના પુનઃસ્થાપન માટે ઝડપી પગલા લઈ તેઓને પુરતા સુરક્ષા બુદોબસ્ત સાથે સ્થાપીત કરવામાં આવશે.

મોડાસા ના રાણા સૈયદ વીસ્તાર માં કેટલાક માથાભારે શખ્સો ધ્વારા પોતાના મન ની મેલી મુરાદો પર અપાડવા માટે લઘુમતી કોમના જ બીજા જુથ સાથે અવારનવાર તકરારો કરી સતત આ લોકો ને ભયના ઓથાર હેઠળ રહેવા મજબુર બનાવતા જ હોય છે. પરંતુ આ વખતે આવા તત્વો ના ત્રાસ અને હુમલાથી ૧૧ પરિવારો ને હીજરત કરવી પડી છે. તે જોતા રાણા સૈયદ વિસ્તાર માં માથાભારે તત્વો નો કેવો તરાસ હશે તે સ્પષ્ટ થઈ રહયુ છે. ત્યારે ત્તંત્ર ધ્વારા આવા તતવો સામે લાલા આંખ કરવામાં આવે તે જરૂરી છે.






માથાભારે એવા એક જુથે ઘરમાં ઘુસી જઈ ઘરો નુ તમામ રાચરચીલા ની થોફફોડ કરી અને સોના ચાંદીના ઘરેણા અને રોકડ ની લુંટફાટ કરી ને ૧૧ જેટલા પરીવાર ના લોકો ને જાનથી મારી નાખવાનો પ્રયાસ કરતાં આ ૧૧ પરિવાર ના૧૦૦ થી વધુ લોકો ભયના ઓથાર હેઠળ જીવી રહયા છે અને રાણા સૈયદ વિસતાર




### હીજરત કરેલા પરીવારોની હાલત કફોડી

રાણા સૈયદ વિસ્તારમાં ગઈકાલે બનેલા ઝગડાને લઈને ૧૧ જેટલા પરિવારના૧૦૦ લોકો હીજરત કરીને કુકરી ગામે આશરો લીધો છે ત્યારે આ પરિવારની મહિલાઓ અને બાળકો ભયના ઓથાર હેઠળ જીવી રહયા છે. હાલ આ પરીવારો ઉપર આભ અને નીચે ઘરતી વચ્ચે દયનીય હાલત્માં જીવી રહયા છે.

### હીજરત કરેલા પરીવારોને સુરક્ષા સાથે પુનઃસ્થાપન કરાવવામાં આવે તેવી માંગ બાબુભાઈ મુલતાની (હીજરતી)

મોડાસા શહેરના રાણા સૈયદ વિસ્તારમાં ગઈકાલે નજીવી બાબતે લઘુમતી કોમના બે જુથ વચ્ચે ઝગડાએ ઉગ્ર સ્વરૂપ ધારણ કર્યુ છે. જેમાં ૧૧ જેટલા પરીવારના ૧૦૦ લોકોએ હીજરત કરવાનો વારો આવ્યો છે. હાલ તો આ પરિવારના સભ્યો ભયના ઓથાર હેઠળ જીવી રહયા છે. પરંતુ પોલીસ ધ્વારા આ પરીવારને પુરતી સુરક્ષા સાથે પુનઃસ્થાપન કરાવવામાં આવે તેવી માંગ હીજરતી પરીવારો ધ્વારા કરવામાં આવી હતી.

# અરવલ્લી-સાબરકાંઠાના ધાર્મિક સ્થળોએ જાદુગરબાજીના શૉ ની આડમાં પડદા પાછળ ચાલતો અશ્લીલ ડાન્સ

મોડાસા,તા. ૨૮

અરવલ્લી અને સાબરકાંઠાના ધાર્મિક સ્થળોએ ધાર્મિક પરંપરાગત રીતે ભરાતા પરંપરાગત લોકમેળાઓમાં બન્ને જિલ્લાના પ્રજાજનો મોટી સંખ્યામાં ઉમટી પડતા હોય છે ત્યારે ગેરકાયદેસર રીતે રૂપિયા રળી લેવા લેભાગુ તત્વો દ્વારા લોકમેળાઓમાં જાદુગરબાજીના બોર્ડ લગાવી જાદુગરની કળાની આડમાં પડદા પાછળ અશ્લીલ ડાન્સ બતાવતા હોવાની બૂમો વારંવાર ઉઠે છે. ત્યારે રવિવારે અડપોદરાના ઝાલાબાવજીના મેળામાં આવા એક ડાન્સ શૉ થી ભક્તજનો, શ્રદ્ધાળુઓ અને મહિલાઓમાં આક્રોશ ફેલાયો. મેળામાં ફરજ પર રહેલી પોલીસ અજાણ કે પછી મીલીભગત કે આંખ આડે કાન એ યક્ષ પ્રશ્ન છે.

અરવલ્લી અને સાબરકાંઠાના ધાર્મિક સ્થળોએ ધાર્મિક પરંપરાગત અને ભાતીગળ મેળાઓ સમગ્ર ગુજરાત રાજ્ય અને વિદેશમાં પણ ખૂબજ જાણીતા છે. ગુજરાત રાજ્ય અને બન્ને જિલ્લાના ભક્તજનો ધાર્મિક સ્થળોના દર્શનનો લાભ લઈ તેમની નજીક ભરાતા ભાતીગળ મેળાઓનો લુફ્ત ઉઠાવતા અને ખરીદી કરવા પરિવાર સાથે મોટી સંખ્યામાં ઉમટી પડે છે. ત્યારે કેટલાક અસામાજીક તત્વો આવા ધાર્મિક સ્થળોએ પણ પોતાનો કાળો કારોબાર ચલાવી ધાર્મિક આસ્થાને ઠેસ પહોંચાડી રૂપિયા રળી લેવા ગમે તેવી નિમ્ન કક્ષાએ જવા તૈયાર હોય છે. ધાર્મિક સ્થળોએ ભરાતા મેળાઓમાં જાદુગરકળાની અને અન્ય કાર્યક્રમોની આડમાં ડાન્સબાર બોલાવી ડાન્સ કરાવી અશ્લીલ ઈશારો દ્વારા યુવાનોને લલચાવી રૂપિયા રળી લેવા તત્પર હોય છે. જાદુગરનો શૉ જોવા માટે આવેલા શ્રદ્ધાળુઓ અજાણે પરિવાર સાથે મંડપની અંદર જતા હોય છે અને શૉ શરૂ થતાં જ ચાલુ થતાં ડાન્સબારોના અશ્લીલ ડાન્સ અને અભદ્ર ઈશારાઓથી બાળકો અને પરિવારજનોની ઉપસ્થિતિમાં ક્ષોભજનક સ્થિતિમાં મુકાવવું પડે છે. જ્યારે યુવાનો તો લોકમેળામાં આવતા આવા ડાન્સબારોના ડાન્સ નિહાળવા અચૂક મેળામાં પહોચી જતા હોય છે. આવા ડાન્સબારના અશ્લીલ શો થી મહિલાઓ અબાલ વૃદ્ધો અને શ્રદ્ધાળુઓમાં આક્રોશ જોવા મળી રહ્યો છે.

હિંમતનગરના અડપોદરામાં રવિવારે પશુપાલોકની આસ્થા સમાન ઝાલાનો મેળો ભરાયો હતો જેમાં બન્ને જિલ્લાના પશુપાલકો અને શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. આ લોકમેળામાં જાદુગરના ઓથા હેઠળ ચલાવવામાં આવતા ડાન્સબારોના ડાન્સ શૉ થી મહિલાઓ અને શ્રદ્ધાળુઓમાં આક્રોશ ફેલાયો હતો. જ્યારે બંદોબસ્તમાં મુકાયેલા પોલીસતંત્ર દ્વારા શૉ ચલાવવામાં આવતા હોવા અંગે આંખ આડે કાન કરતા લોકો તરેહ તરેહની ચર્ચાઓ કરતા નજરે ચડતા હતા. બન્ને જિલ્લામાં ભરાતા લોકમેળામાં વહીવટીતંત્ર અને પોલીસ તંત્ર દ્વારા આવા ડાન્સનો શૉ યોજતા સંચાલકો સામે લાલ આંખ કરી કાયદેસરની કાર્યવાહી કરવા માંગ ઉઠી છે.



### માઈભક્ત દ્વારા ૧ કિલો સોનુ ભેટમાં મળ્યુ

ભાદરવી પુનમના દિવસે મૂળ ખેડા જિલ્લાના વતની અને અમદાવાદમાં રહેતા એક માઈભક્તશ્રી નવનીતભાઈ શાહ દ્વારા મા અંબેના ચરણોમાં એક કિલો સોનુ ચડાવવામાં આવ્યું છે. ઉલ્લેખનીય છે કે ઘણા માઈભક્તો પોતાની શક્તિ અને ઈચ્છા અનુસાર માતાજીના ચરણોમાં સોનુ ચડાવતા હોય છે.

# ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલના વિદ્યાર્થીનું કરૂણ મોત નિપજ્યું






અરવલ્લી જીલ્લાના ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલના વિદ્યાર્થીનું કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ભિલોડા કોટેજ હોસ્પિટલમાં સગાં-સબંધીઓના ટોળે-ટોળા ઉમટ્યા હતા. ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલના વિદ્યાર્થીનું પી.એમ. રીપોર્ટ ચાલું હતો તે દરમ્યાન ભિલોડા ધારાસભ્ય ડૉ.અનિલભાઈ જોષીયારા, ડૉ.એલ.જી.કટારા, ચંદનભાઈ ખરાડી, રાજુભાઈ નિનામા, એલ.કે.ગામેતી સહિત સામાજીક કાર્યકરો કોટેઝ હોસ્પિટલમાં હાજર રહ્યા હતા .ભિલોડા તાલુકાના રાયપુર ગામનો વિદ્યાર્થી દયારામભાઈ નિનામાના પરીવારજનોને સાંત્વના આપી હતી. ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં ધોરણ.૯માં અભ્યાસ કરતો વિદ્યાર્થી દયારામભાઈ જસવંતભાઈ નિનામા રહેવાસી. રાયપુર, તા.ભિલોડાનો વતની છે. સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલમાં ધોરણ.૯ માં અભ્યાસ કરતો હતો. પ્રકાશ યાત્રી મંદીર, હોસ્ટેલમાં રહેતો હતો. હોસ્ટેલના મેદાનમાં વિદ્યાર્થીઓ ફુટબોલ રમતા હતા તે દરમ્યાન વિદ્યાર્થી દયારામભાઈ એકા-એક બેભાન થઈ જતાં ભિલોડા કોટેઝ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયો હતો. કોટેઝ હોસ્પિટલમાં મેડીકલ ઓફીસરોએ પ્રાથમીક સારવાર આપી હતી પરંતુ સારવાર દરમ્યાન દયારામભાઈ નિનામા આશરે ઉંમર વર્ષ-૧૫ નું કરૂણ મોત નિપજતાં પરીવારજનો હૈયાફાટ રૂદન કરતા હતા. ભિલોડા સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કુલના વિદ્યાર્થીનું કરૂણ મોત નિપજતાં ઘેરા શોકની કાલીમા પ્રસરી હતી.

# અંબાજી ભાદરવી મહામેળો સુખરૂપ સંપન્ન થયો

## લાખો માઈભક્તોએ માતાજીના ચરણે મસ્તક ઝુકાવી ધન્યતા અનુભવી

પાલનપુર, તા. ૨૮

પ્રસિદ્ધ યાત્રાધામ અંબાજી મુકામે તા. ૨૨ થી ૨૮ સપ્ટેમ્બર દરમ્યાન યોજાયેલ ભાદરવી પુનમનો મહામેળો સુખરૂપ સંપન્ન થયો છે. બનાસકાંઠા કલેક્ટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી દિલીપ રાણાની સુચના અને માર્ગદર્શન અનુસાર જિલ્લા વહીવટીતંત્રના સરસ પ્રયાસોને લીધે યાત્રિકોને જરૂરી તમામ સવિધાઓ સરળતાથી ઉપલબ્ધ બનાવાઈ હતી. પરિણામે યાત્રિકોને કોઈ જ તકલીફ પડી નહોતી.

અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના સૂત્રો તરફથી મળેલ જાણકારી પ્રમાણે તા. ૨૭ સપ્ટેમ્બરના સાંજના ૪.૩૦ વાગ્યા સુધીમાં ૨૪,૧૩,૮૩૧ યાત્રિકોએ માતાજીના દર્શન કર્યા હતા. મંદિરને રૂ. ૩.૫૦ કરોડ ભેટની આવક મળી હતી. ૪૮૬૮ ધજાઓ ચડાવવામાં આવી હતી. ૧૩,૩૨,૨૪૧ પ્રસાદના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૩,૧૮,૪૩૦ યાત્રિકોએ વિનામૂલ્યે ભોજન પ્રસાદનો લાભ લીધો હતો.

# પ્રાંતિજમાં હર્ષોલ્લાસપૂર્વક ગણેશજીનું વિસર્જન કરાયું

પ્રાંતિજ, તા. ૨૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજમાં રવિવારના રોજ દુંદાળા દેવ ગણપતિ વિસર્જન વાજતે ગાજતે કરવામાં આવ્યા હતા અને ભવ્ય શોભાયાત્રા જુદી જુદી જગ્યાએ નીકળી હતી.

જ્યારે ગણપતિ વિસર્જન ઉત્સવમાં લોકો દાદાને વિદાય આપવા અને આવતા વર્ષે જલ્દી આવજો તેમ બુમ બરાડા પાડતા ગુલાલ ફડાડી, ફટાકડા ફોડી, નાચતા વગાડતા જુમી ઉઠ્યા હતા. રેલવે સ્ટેશન વિસ્તાર, ગુર્જરની પોળ, તપોધન ફડી, પંડ્યા ફડી, વાઘેલા વાસ, ભોઈવાસ, આંટીયાવાસ, અનંત વિલાસ વગેરે સ્થળોએથી ગણેશ વિસર્જન કાર્યક્રમો યોજાયા હતા. જ્યારે ઠેર ઠેર શોભાયાત્રાઓ નીકળી હતી ને દાદાને વિદાય આપી હતી. તો અપ્રોચ રોડ ઉપર આવેલ શિવ પેલેસ ઉપર દર વર્ષની જેમ આ વર્ષે પણ લીંબુ સરબત, પાણી, બુંદીનો પ્રસાદની વ્યવસ્થા કરવામાં આવી હતી અને મોટી બોખ તથા સાદોલીયા ખાતે દાદાની મૂર્તિઓ વિસર્જન કરવામાં આવી હતી.



# ઔષધિય વનસ્પતિ બોર્ડ દ્વારા પ્રાથમિક શાળાના બાળકોને પુસ્તક, નોટબુક અને ફુટનું વિતરણ કરાયું

પાલનપુર, તા. ૨૮

ગુજરાત ઔષધિય વનસ્પતિ બોર્ડ, ગાંધીનગર દ્વારા પાલનપુર તાલુકાની ૩૦ અને વડગામ તાલુકાની ૪૦ સરકારી પ્રાથમિક શાળાઓમાં ધોરણ-૫ થી ૮માં ભણતા બાળકોને વન ઔષધિની માર્ગદર્શિકાનું પુસ્તક, નોટબુક અને ફૂટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાના બાળકો આયુર્વેદીક ઉપચારનું મહત્વ સમજે તે માટે આ બાળકોને પુસ્તિકાનું વિતરણ કરવામાં આવ્યું હતું.

પાલનપુર તાલુકાની પીરોજપુરા, ચિત્રાસણી, મોરીયા, ચંડીસર, મોટા, જસપુરીયા, રામપુરા, છાપરા, ધાણધા અને હાથીધરા ગામની પ્રાથમિક શાળાઓમાં આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હુ. જેમાં રિસોર્સ પર્સન તરીકે સુશ્રી કશ્મીરાબેન એમ. પરમાર અને શ્રી મહેશભાઈ મોદીએ કામ કર્યું હતું તેમ શ્રી કશ્મિરા પરમારે અખબારી યાદીમાં જણાવ્યું છે.